# ઉલટી ગંગા, મુસાફરો નહીં મળતા બે ટ્રેન રદ કરી

**જયનગર** માટેની સ્પેશિયલ ટ્રેનમાં 7 હજાર મુસાફરો પણ નહીં મળ્યા

સુરત : ઓછા મુસાફરોને કારણે રેલવેને ટ્રેનો કેન્સલ કરવી પડી હોય તેવી ઘટના સામે આવી છે. ઉધનાથી UP-બિહાર જતા મુસાફરો માટે તહેવારોમાં દોડાવાનારી જયનગરની બે વધારાની સ્પેશિયલ ટ્રેનો મુસાફરોના અભાવે રદ કરવી પડી છે.

પશ્ચિમ રેલવેને અંદાજ હતો કે દશેરા પહેલાના રવિવારે ઉધના સ્ટેશનથી લગભગ 15 હજાર મુસાફરો UP-બિહાર તરફ જશે. આ ભીડને પહોંચી વળવા રેલવેએ નિયમિત અનારક્ષિત અંત્યોદય અને તાપ્તી ગંગા ઉપરાંત જયનગર માટે 09073/09074 અને 09071/09072 એમ બે વધારાની અનારક્ષિત સ્પેશિયલ ટ્રેનો જાહેર કરી હતી.

પરંતુ રવિવારે સવારે સ્થિતિ ઉલટી નીકળી હતી. ઉધનાથી ઉપડેલી અંત્યોદય એક્સપ્રેસમાં માંડ 3800 અને તાપ્તી ગંગામાં 3200 મળી કુલ 7000 મુસાફરો પણ ન નીકળ્યા. પ્લેટફોર્મ પર અપેક્ષિત ભીડ જ જોવા ન મળતા રેલવે કંટ્રોલ (CTNL BCT) એ તાત્કાલિક CB No.730 જાહેર કરી બંને વધારાની સ્પેશિયલ ટ્રેનો રદ કરવાનો નિર્ણય લીધો હતો CB મુજબ તા.18 ઓક્ટોબરની 09073 (ઉધના-જયનગર - સવારે 11:30) અને તેની પરત 09074, તેમજ 09071 (બપોરે 1:00 વાગ્યે) અને તેની પરત 09072 એમ ચારેય સેવાઓ લો ડિમાન્ડને કારણે કેન્સલ કરાઈ છે.

આ ટ્રેનોના ચાર-ચાર ફેરા નક્કી હતા અને રૂટ પણ બદલીને સંત હિરદારામ નગરને બદલે પાલધી-ખંડવા-ઈટારસી-માણિકપુર કરાયો હતો. હવે 25 ઓક્ટોબરની સેવા ભીડને આધારે નક્કી થશે.

# ચીની પોલિએસ્ટર ટેક્સ્ચરાઇઝડ યાર્ન ઉપર AD ડ્યુટીની માંગણી

**સ્પિનિંગ** મિલો દ્વારા કરવામાં આવેલી પિટિશનમાં નુકસાનીના દાવાઓ અંગે આજે DGTR માં સુનાવણી

### સ્પીનરોની માંગ ગેરવ્યાજબી, સ્પીનરોની બેલેન્સશીટ તપાસ થવી જોઈએ

સચિન વિવર્સ એસોસિએશનના સેક્રેટરી મયુર ગોળવાલા એ જણાવ્યું હતું કે,"PTY પર એન્ટિ ડમ્પિંગ ડ્યુટીની સ્પીનરોની માંગ ગેરવ્યાજબી, સ્પીનરોની બેલેન્સશીટ તપાસ થવી જોઈએ. સ્પીનરો કાટેલ બનાવી વિવિધ યાર્નના ભાવમાં પ્રતિ કિલો રૂ. 40થી 50નો વધારો કરી ચૂક્યા છે. તેમ છતાં સ્પીનરોને કોઈ નુકસાન થતું નથી.આયાતી યાર્ન બંધ કરાવી બેથી ત્રણ ગણો નફો કમાવવાના હેતુથી એન્ટિ ડમ્પિંગ ડ્યુટીની માંગ કરવામાં આવી છે.કાપડ ઉદ્યોગની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે DGTR સમક્ષ સ્પીનરો દ્વારા દાખલ કરાયેલી પિટિશન દફતરે કરી દેવી જોઈએ,

સુરત : ચીનથી આયાત થતા પોલિએસ્ટર ટેક્સ્ચરાઇઝડ યાર્ન (PTY)ના મામલે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) દ્વારા આ તપાસના સંદર્ભમાં કાલે 19 ઓક્ટોબર, 2026ના રોજ બપોરે 3.30 કલાકે વર્ચ્યુઅલ સુનાવણી યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

DGTRએ 14 ઓક્ટોબર, 2026ના રોજ જાહેર કરેલી નોટિસમાં જણાવ્યું છે કે સુનાવણી સંપૂર્ણપણે વર્ચ્યુઅલ માધ્યમથી યોજાશે. તેમાં ભાગ લેવા માટેની વેબેક્સ લિંક અને અન્ય જરૂરી વિગતો સંબંધિત પક્ષકારોને ઇ-મેઇલ મારફતે મોકલવામાં આવશે. સચિન વિવર્સ વેલ્ફેર એસોસિયેશનના પ્રમુખ નિલેશ ગામી અને સેક્રેટરી મયૂર ગોળવાલા એ જણાવ્યું હતું કે, 'સુરતમાં મહિને અંદાજે 1.50 લાખ મેટ્રિક ટન પાર્શિયલી ઓરિએન્ટેડ યાર્ન (POY) બને છે એમ 60% ઉપયોગ તો પાર્શિયલી ટેક્સ્ચર્ડ યાર્ન (PTY ) માટે થાય છે.છેલ્લા ચારેક મહિનામાં આ પ્રકારના યાર્નના ભાવ કિલોએ 40 થી 50 રૂપિયા વધી ગયા છે.એ જોતાં જો PTY પર એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાગશે તો સુરતના વિવિંગ અને નિટિંગ ઉદ્યોગ માટે મોટો આર્થિક ફટકો મારશે.

# મુંબઈના ઠગની હીરા વેપારી સાથે ૫૦.૩૪ લાખની ઠગાઈ

**૧૦** કરોડનું બેંક બેલેન્સ બતાવી આરોપી આર્યન પટેલ હીરા અને રોકડ લઈ છૂ થઈ ગયો

સુરત : સુમુલ ડેરી રોડ પર આવેલી સરદાર નગર સોસાયટીમાં રહેતા અને હીરાનો વેપાર કરતા રજનીકાંતભાઈ પટેલ (ઉં.વ.૭૧) ના ઘરે ગત તા. ૦૧/૦૯/૨૦૨૬ ના રોજ તેમની જ સોસાયટીના રહીશ શૈલેશભાઈ પટેલ 'આર્યન પટેલ' નામના યુવકને લઈ આવ્યા હતા. આર્યને પોતાની ઓળખ મુંબઈના મોટા સોના-ચાંદી અને હીરાના વેપારી તરીકે આપી સુરતમાં મિલકતમાં નાણાં રોકવાની ઈચ્છા દર્શાવી હતી. રજનીકાંતભાઈએ તેમના મિત્ર હરેશભાઈ નારોલાની મિલકત બતાવતા, આરોપીએ ટોકન પેટે તથા હાથઉછીના મળી ટુકડે-ટુકડે રૂપિયા ૩,૦૦,૦૦૦ રોકડા મેળવી લીધા હતા. બાદમાં ૨૫ થી ૩૦ કેરેટ નેચરલ હીરાની જરૂરિયાત બતાવી હતી. રજનીકાંતભાઈએ પોતાના ઘરેથી રૂપિયા ૨૩,૧૨,૮૦૦ ની કિંમતના અલગ-અલગ કેટેગરીના નેચરલ હીરા બતાવતા આરોપીએ રૂપિયા ૧૦ કરોડનું બેંક બેલેન્સ હોવાનો રોફ જમાવી આ તમામ હીરા ઉધારમાં ખરીદી પોતાની પાસે રાખી લીધા હતા. બીજા દિવસે આરોપીએ દિલ્હી જવાનું બહાનું બતાવી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. વેપારીને શંકા જતાં ઘરમાં લગાવેલા CCTV કેમેરા ચેક કરતાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. આરોપી આર્યન પટેલે રજનીકાંતભાઈના ઘરેથી રૂપિયા ૬,૨૭,૦૦૦ ની કિંમતનું નેચરલ હીરાનું પડીકું તથા તેમની ઓફિસમાંથી રૂપિયા ૧૪,૯૫,૦૦૦ નું નેચરલ હીરાનું પડીકું નજર ચૂકવી ચોરી લીધું હતું.. મહિધરપુરા પોલીસે ગુનો નોંધી CCTV ના આધારે આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# તલંગપુરમાં પત્ની સાથે રકઝક થતાં યુવકનો આપઘાત

સુરતઃ તલંગપુરમાં પત્ની સાથે રકઝક થતા યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળેલી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અને હાલમાં સચિન જી.આઈ.ડી.સી વિસ્તારમાં આવેલા તલંગપુર ગામમાં રહેતો 39 વર્ષીય મોહનકુમાર અશરફી સહાની રવિવારે સવારે ઘરમાં રહસ્યમય સંજોગોમાં પંખા સાથે ચાદર બાંધી ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને જાણ થતા સ્થળે પહોચીને તેનો મૃતદેહ નીચે ઉતારીને નવી સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લાવ્યા હતા. મોહનકુમારનો તેની પત્ની સાથે રકઝક થયા બાદ તેણે આપઘાત કર્યો હોવાનું માહિતી સિવિલ હોસ્પિટલ ખાતે ચર્ચાઇ રહ્યુ હતું. જે અંગે પણ આ અંગે તપાસ સચિન જી.આઈ.ડી.સી પોલીસમથકના હેડ કોન્સ્ટેબલ જગદીશને કહ્યુ કે, અગમ્ય કારણસર આપઘાત કર્યો અને તે મજુરી કામ કરતા હતા.

# અમદાવાદ એરપોર્ટ પર પ્રવાસી પાસે ૨.૧ કિલો ગાંજો મળ્યો

**વિયેતનામથી** આવેલા પ્રવાસીની બેગમાંથી વેક્યુમ કરેલા સાત પેકેટ મળ્યા, બેની ધરપકડ

અમદાવાદ : વિદેશથી ડ્રગ્સની હેરાફેરીના પ્રયાસને અમદાવાદ એરપોર્ટ પર નિષ્ફળ બનાવતાં કસ્ટમ્સ વિભાગે વિયેતનામના હો ચી મિન્હ સિટીથી આવેલા એક પ્રવાસીની બેગમાંથી શંકાસ્પદ ગાંજાના ૨.૧ કિલોથી વધુ જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ કરી છે.

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર ૧૭ ઑક્ટોબરે પહોંચેલી ફ્લાઇટના પ્રવાસીઓની પ્રોફાઈલિંગ દરમિયાન એર ઈન્ટેલિજન્સ યુનિટે એક પ્રવાસીને અટકાવ્યો હતો. તેની કાળી હેન્ડબેગની તપાસમાં વેક્યૂમ સીલ કરેલાં સાત પેકેટમાંથી લીલા રંગનો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. પેકિંગ સહિત આ જથ્થાનું કુલ વજન આશરે ૨,૧૧૭ ગ્રામ નોંધાયું હતું.

અમદાવાદ કસ્ટમ્સના અધિકારીઓએ બેગમાંથી મળેલા પદાર્થની પ્રાથમિક તપાસ માટે એફએસએલની મદદ લીધી હતી. અમદાવાદ એફએસએલના વૈજ્ઞાનિક અધિકારી દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં સાતેય પેકેટમાં ગાંજાના સક્રિય ઘટકો હોવાના સંકેત મળ્યા હતા. ત્યારબાદ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ (એનડીપીએસ) અધિનિયમ, ૧૯૮૫ની સંબંધિત જોગવાઈઓ હેઠળ શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

આ કેસની તપાસ દરમિયાન એરપોર્ટ પર પ્રવાસીને લેવા આવેલા અન્ય એક શખ્સની ઓળખ કરવામાં આવી હતી. તપાસમાં પ્રાથમિક રીતે એવું બહાર આવ્યું હોવાનું જણાવાયું છે કે વિદેશમાં બેઠેલા કેટલાક લોકોના ઈશારે આ શખ્સે પ્રવાસીની મુસાફરીની વ્યવસ્થા કરવામાં સંકલન કર્યું હતું અને તેને લેવા એરપોર્ટ પર પહોંચ્યો હતો.

તપાસ દરમિયાન મળેલી વોટ્સએપ ચેટ્સમાં મુસાફરીની વ્યવસ્થા અને સામાન અંગેના સંવાદો પણ મળી આવ્યા હોવાનું જણાવાયું છે. આ કેસમાં પ્રવાસી અને તેને લેવા આવેલા શખ્સ એમ બંનેની ધરપકડ કરવામાં આવી છે.

ડ્રગ્સની હેરાફેરી પાછળ વિદેશમાં બેઠેલા લોકોની ભૂમિકા શું હતી, જથ્થો કોના માટે લાવવામાં આવ્યો હતો અને આ નેટવર્કમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સુરતમાં ગરમીનો પ્રકોપ યથાવતઃ મહત્તમ તાપમાન 37.7 ડિગ્રી

**બંગાળની** ખાડીમાં વરસાદી સિસ્ટમ સક્રિય થવાની તૈયારીમાં, 27મીએ માવઠાની શક્યતા

સુરતઃ સુરત શહેરમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. શહેરમાં મહત્તમ તાપમાનમાં આંશિક વધારો થતાં પારો 37.7 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો હતો. બીજી તરફ, લઘુત્તમ તાપમાનમાં અડધા ડિગ્રીનો ઘટાડો નોંધાતાં તે 25.9 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. તાપમાનમાં દિવસ દરમિયાન વધઘટ વચ્ચે શહેરવાસીઓને સવારે આછાં વાદળછાયા વાતાવરણ અને બપોરના સમયે અસહ્ય ગરમીનો અનુભવ થયો હતો.

સુરત શહેરમાં દિવસ દરમિયાન ગરમીની તીવ્રતા અનુભવાઈ હતી. મહત્તમ તાપમાન આંશિક વધીને 37.7 ડિગ્રી નોંધાતાં બપોરના સમયે ગરમ વાતાવરણ રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 25.9 ડિગ્રી નોંધાયું હતું. રાત્રિ અને વહેલી સવારના તાપમાનમાં થોડો ઘટાડો થયો હોવા છતાં દિવસ દરમિયાન ગરમીથી ખાસ રાહત મળી નહોતી. શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ 50 ટકા નોંધાયું હતું, જ્યારે પવનોની ગતિ મંદ રહી હતી.

ભેજ અને ધીમા પવનોના કારણે વાતાવરણમાં ગરમાશનો અનુભવ થયો હતો. સવારે આછાં વાદળો છવાયેલાં હોવા છતાં બપોર પડતાં ગરમીનો અહેસાસ વધ્યો હતો. પરિણામે, દિવસના મધ્યભાગ દરમિયાન બહાર નીકળતા લોકોને ગરમ વાતાવરણનો સામનો કરવો પડ્યો હતો. હવામાનની સ્થિતિ વચ્ચે બંગાળની ખાડીમાં એક વરસાદી સિસ્ટમ વિકસી રહી છે. આ સિસ્ટમની અસરને પગલે આગામી 27 તારીખે માવઠું થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# નવરાત્રિમાં DJનો અવાજ ધીમો કરવાનું કહેતાં પરિવાર પર હુમલો

**અમરોલીની** સોસાયટીના કેટલાક લોકો દરવાજો તોડી ઘરમાં ઘૂસી ગયા, માતાને પણ ધક્કો મારી પાડી દીધી

સુરતઃ અમરોલીમાં સ્વસ્તિક પ્રાઈડ સોસાયટીમાં નવરાત્રિ દરમિયાન ડીજેનો અવાજ ધીમો કરવાનું કહેતા સોસાયટીના કેટલાક સભ્યોએ ઘરમાં ઘૂસી પરિવાર પર હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ, અમરોલીના કોસાડ સ્થિત સ્વસ્તિક પ્રાઇડમાં રહેતા 43 વર્ષીય નિકુલભાઈ અંબાલાલ શેટાએ ૧૬ ઓક્ટોબરની રાત્રે સોસાયટીમાં નવરાત્રિ નિમિત્તે વગાડવામાં આવી રહેલા ડીજે (DJ) નો અવાજ ખૂબ વધારે હોવાથી બિલ્ડિંગના સેક્રેટરી ભુપતભાઈને ફોન કરીને અવાજ ધીમો રાખવા વિનંતી કરી હતી. જોકે, સેક્રેટરીએ અવાજ ઓછો કરવાની ના પાડી દઈ 'તમારે જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરી દો' તેમ કહી ધમકાવ્યા હતા. ત્યારબાદ રાત્રે આશરે ૧૨ વાગ્યાના સુમારે, અગાઉ ડીજેના અવાજ અંગે રજૂઆત કરી હોવાની અદાવત રાખીને સોસાયટીના કેટલાક લોકો નિકુલભાઈના ઘરનો દરવાજો તોડીને અંદર ઘૂસી આવ્યા હતા. નિકુલભાઈએ પોતાનો બચાવ કરવા દરવાજા પાછળ ટેબલ આડું મૂકી દીધું હતું, છતાં ટોળાએ લાતો મારીને દરવાજો ખોલી નાંખ્યો હતો અને ઘરમાં પ્રવેશીને નિકુલભાઈને ગાળો આપી ઢીંક-મુક્કી કરવા લાગ્યા હતા. આ દરમિયાન નિકુલભાઈના માતા વચ્ચે પડતાં હુમલાખોરોએ તેમને પણ ધક્કો મારી નીચે પાડી દીધા હતા. પોતાનો અને માતાનો બચાવ કરવા માટે નિકુલભાઈ રસોડામાંથી ચપ્પુ લાવ્યા હતા, પરંતુ સોસાયટીના લોકોએ તે આંચકી લીધું હતું. આ ઝપાઝપી દરમિયાન હુમલાખોરો નિકુલભાઈના બે મોબાઈલ ફોન અને તેમની દીકરીનું ટેબલેટ પણ પડાવી ગયા હતા. આટલેથી ન અટકતાં, હુમલાખોરો નિકુલભાઈને પેસેજથી લઈને ગ્રાઉન્ડ ફ્લોર સુધી ઢસડી ગયા હતા, જ્યાં સોસાયટીના કેટલાક પુરુષો અને મહિલાઓએ ભેગા મળીને તેમને નિર્દયતાથી માર માર્યો હતો.

બનાવ અંગેની જાણ થતાં જ અમરોલી પોલીસની પીસીઆર (PCR) વાન તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને મામલો થાળે પાડ્યો હતો. આ ઘટના અંગે નિકુલભાઈની ફરિયાદના આધારે અમરોલી પોલીસે રાયોટિંગ અને મારપીટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નાનપુરામાં ૧૦ વર્ષની બાળકી સાથે વૃદ્ધે છેડતી કરી

**ડરી** ગયેલી બાળકીએ પરિવારને વાત કરતાં સમગ્ર મામલો સામે આવ્યો

સુરત : નાનપુરા વિસ્તારમાં રહેતા એક વૃદ્ધે ઘરે રમવા આવેલી ૧૦ વર્ષ બાળકી સાથે અડપલાં કર્યા હતાં. બનાવ અંગે ડરી ગયેલી માસુમ બાળકીએ પોતાના પરિવારના સંબંધીને આપવીતી જણાવતાં સમગ્ર કાળું કરતૂત પ્રકાશમાં આવ્યું હતું.

નાનપુરા ગુજરાત ઓટોની બાજુમાં રહેતા અને ચોકબજાર ભાગાતળાવ ખાતે સાડીની દુકાનમાં મજૂરી કામ કરતા આધેડની ૧૦ વર્ષીય પુત્રી સગરામપુરાની હાઈસ્કૂલમાં ધોરણ-૪ માં અભ્યાસ કરે છે. ગત તા. ૧૬/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રે અઠ્ઠાવન વર્ષીય મામાની દીકરીએ તેમને કહ્યું હતું કે, ૨૫/૦૯/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨ વાગ્યાના અરસામાં ૧૦ વર્ષીય બાળકી તેમના ઘરે રમવા આવી હતી. તે મહોલ્લામાં ગુલાબશા બાવાની દરગાહ પાસે રહેતા સાદિક હુશેન શેખ (સાદિક દાદા) ના ઘરે રમવા ગઈ હતી. તે સમયે સાદિક શેખે માસુમ બાળકીએ પહેરેલા ટીશર્ટમાં હાથ નાખી અડપલાં કર્યા હતા. આ ઘટનાથી અત્યંત ભયભીત થઈ ગયેલી બાળકી રડતાં રડતાં પોતાના ઘરે જતી રહી હતી. શરૂઆતમાં ડરના માર્યા પરિવારમાં કોઈને વાત કરી ન હતી. બાદમાં આ વાતની જાણ પરિવારજનો અને દાદીને થતાં, ફરિયાદ કરતાં આરોપી સાદિક હુશેન શેખ (રહે. નાનપુરા માર્કેટ, ગુલાબશા બાવાની દરગાહ પાસે, નાનપુરા, સુરત)સામે ગુનો નોંધી પોલીસે ગુનો નોંધી આરોપી વૃદ્ધની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત મનપા કલાર્ક ભરતી પરીક્ષાની આન્સર કી જાહેર

સુરત : સુરત મહાનગરપાલિકામાં ક્લાર્ક સંવર્ગની 717 જગ્યાઓ માટે યોજાયેલી મેગા ભરતી પરીક્ષામાં નોંધાયેલા 1.14 લાખ પૈકી 39 હજાર ઉમેદવારો ગેરહાજર રહેતાં સુરત, અમદાવાદ અને રાજકોટના પરીક્ષા કેન્દ્રો પર કુલ 75,963 ઉમેદવારો (66.07 ટકા) એ અત્યંત શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી; જેમાં સુરતમાં 54,817 અમદાવાદમાં 16,132 અને રાજકોટમાં 5014 ઉમેદવારો હાજર રહ્યા હતા. પરીક્ષા સંપન્ન થતાં જ મનપા દ્વારા પ્રોવિઝનલ આન્સર કી વેબસાઈટના રીક્રુટમેન્ટ વિભાગમાં આન્સર કી વિકલ્પ હેઠળ જાહેર કરી દેવામાં આવી છે. જો કોઈ ઉમેદવારને પ્રશ્ન કે જવાબ સામે વાંધો હોય તો તેઓ 18 ઓક્ટોબર સવારે 11 વાગ્યાથી 24 ઓક્ટોબર રાત્રે 11 વાગ્યા સુધી ઓનલાઈન રિક્રૂટમેન્ટ પોર્ટલમાં રજૂઆત કરી શકશે, જ્યારે ઓએમઆર શીટ 31 ઓક્ટોબર સુધી ડાઉનલોડ કરી શકાશે.

# 2 શ્રમિક બાખડતાં કાપોદ્રાના કારખાના ટપોટપ બંધ થઈ ગયા

**અંગત** વિવાદને શ્રમિક આંદોલન સાથે જોડી દેવાયું

**પોલીસે** પેટ્રોલિંગ વધારી એનાઉન્સમેન્ટ કરવું પડ્યું

સુરતઃ સુરતના કાપોદ્રા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રૂ.500ની સામાન્ય લેતીદેતીના મામલે શ્રમિકો વચ્ચે થયેલી મારામારી બાદ રવિવારની રજાના નામે કારખાનાં બંધ કરાવવાની અફવા ફેલાતાં ઔદ્યોગિક વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. અફવાને પગલે ભયના માહોલમાં એમ્બ્રોઈડરીનાં કારખાનાં ટપોટપ બંધ થવા લાગ્યાં હતાં. પરિસ્થિતિ વણસવાની આશંકા વચ્ચે મોટી સંખ્યામાં કારખાનેદારો અને ખાતાધારકો કાપોદ્રા પોલીસ મથકે પહોંચ્યા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક ધારાસભ્ય કુમાર કાનાણી પણ પોલીસ સ્ટેશન દોડી ગયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, સમગ્ર મામલો માત્ર રૂ.500ની અંગત લેતીદેતીને લઈને થયેલી મારામારીનો છે. આ ઘટનાને રવિવારની રજા કે શ્રમિક આંદોલન સાથે કોઈ સંબંધ નથી. જોકે, મારામારીની ઘટનાને રવિવારની રજાના વિવાદ સાથે જોડીને કારખાનાં બંધ કરાવવાની અફવા ફેલાતા ઉદ્યોગકારોમાં ચિંતા પ્રસરી હતી. મૌખિક પ્રચાર અને સોશિયલ મીડિયા મારફતે ફેલાયેલી વાતોના કારણે અનેક કારખાનેદારો અને ખાતાધારકોએ સાવચેતીના ભાગરૂપે એકમો બંધ કરી દીધા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય કુમાર કાનાણી કાપોદ્રા પોલીસ મથકે પહોંચ્યા હતા. તેમણે કારખાનેદારો અને ખાતાધારકો સાથે વાતચીત કરી હતી અને પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજીને સ્થિતિ સામાન્ય બનાવવા પ્રયાસ કર્યો હતો. તેમણે ઉદ્યોગકારોને અફવાઓથી દૂર રહેવા તથા શાંતિ જાળવવા અપીલ કરી હતી. અસામાજિક તત્ત્વો કે અફવા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની પણ ખાતરી આપવામાં આવી હતી.

અફવાઓને ડામવા કાપોદ્રા પોલીસે ઔદ્યોગિક વિસ્તારોમાં વાહનો દ્વારા પેટ્રોલિંગ શરૂ કરીને લાઉડસ્પીકરથી એનાઉન્સમેન્ટ કર્યું હતું. કારીગરો અને કારખાનેદારોને સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે મારામારીની ઘટનાને રવિવારની રજા કે કોઈ શ્રમિક આંદોલન સાથે જોડવી નહીં.

પોલીસે સ્પષ્ટ કર્યું હતું કે કોઈ વ્યક્તિ કારખાનાં બંધ કરાવવા દબાણ કરે, કારીગરોને ધમકાવે કે શંકાસ્પદ સંદેશાઓ ફેલાવે તો તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમ અથવા સ્થાનિક પોલીસ મથકનો સંપર્ક કરવો.

# ગુટખા ખાવાના ઝગડામાં શ્રમિકનું માથું ફાડી હત્યા

**પોલીસે** મૂળ યુપીના હત્યારાને ઝડપી લીધો

સુરતઃ સચીન GIDC વિસ્તારમાં આવેલી શિવનગર બરફ ફેક્ટરી પાસે ફૂટપાથ પર બનેલી ચકચારી ઘટનામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

મધ્યપ્રદેશના સીધી જિલ્લાના કરવાહી ગામના વતની અને સુરતમાં છૂટક મજૂરી કરતા શિવકુમાર રામસ્વરૂપ યાદવ (ઉં.વ.૩૪) ફૂટપાથ પર લોહીલુહાણ અને મૃત હાલતમાં મળી આવ્યા હતા. જેથી પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. જેની તપાસ કરી આરોપી મંગલુ ઉર્ફે મંગલપ્રસાદ ઉર્ફે પંડિત રામકરન અવસ્થી (ઉ.વ.૫૫ રહે.સચીન GIDC શિવનગર બરફ ફેક્ટરી પાસે ચિન્દીના ગોડાઉનની નજીક ફૂટપાથ પર તથા મૂળ શેખપુર તુંદરૂ થાના.બદોસરાઈ તા.સીરૌલી જિ.બારાબંકી, ઉત્તરપ્રદેશ) ની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. ગઈ કાલે રાત્રે ૧૨ થી ૧ વાગ્યાના સુમારે બંને વચ્ચે રાજશ્રી ગુટખાની પડીકીના નાણાં ચૂકવવા બાબતે ઉગ્ર ઝઘડો અને હાથપાઈ થઈ હતી. ઝઘડા બાદ શિવકુમાર પોતાની પથારીમાં ઊંઘી ગયા હતા. જેની અદાવત રાખી મંગલુએ નજીકમાં પડેલો સિમેન્ટ કોંક્રિટનો ટુકડો ઉંચકી શિવકુમારના માથામાં મારી દીધો હતો અને તેનું માથું જમીન પર પછાડી હત્યા કરી ફરાર થઈ ગયો હતો.મૃતકના ભાઈ રામાયણ યાદવની ફરિયાદના આધારે સચીન GIDC પોલીસે BNS ની કલમ ૧૦૩(૧) મુજબ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### લિંબાયતમાં માતા...

આવી હતી. ઈજાગ્રસ્ત મલ્લેશ્વરીબેન, રાજુભાઈ તથા મમતાબેનને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તબીબોએ રાજુભાઈ તથા મલ્લેશ્વરીબેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઈજાગ્રસ્ત મમતા રાજુભાઈ ગુડુરૂની ફરિયાદના આધારે લિંબાયત પોલીસે શ્રીનિવાસ ઉર્ફે શ્રીનુ વિરુદ્ધ હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેને પકડી પાડ્યો છે.

### નવરાત્રિમાં ઝૂમવા...

ખેલૈયાઓ માટે ખાસ પેકેજ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં મેકઅપ વગર ચહેરા પર કુદરતી ચમક અને ફ્રેશનેસ આપવામાં આવે છે અને આ બોટલને કારણે સ્ટેમિના અને કેપેસિટી પણ વધે છે. જો કે ડો. શાહે કહ્યું હતું કે, આ હિતાવહ કે તબીબી સલાહ પ્રમાણેનું નથી. આવા સપ્લીમેન્ટ લેવા કરતાં સૌથી અગત્યનું તો એકાદ મહિના પહેલાં થી ૧ કલાકની પ્રેક્ટિસ કરવી જોઈએ. જેમ ક્રિકેટ ને મ્યુઝિક માં રિયાઝ અગત્યનો છે તેમ ગરબા જો પહેલેથી પ્રેકટીસ રાખી હોય તો થાક ઓછો લાગશે ને સ્વસ્થ પણ રહેવાશે

### સુરતના ૪...

કારની તલાશી લેતાં તેમાં વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. કારમાં સવાર યુવાનો પણ દારૂ પીધેલી હાલતમાં હતા. એલ.સી.બી.ના કોન્સ્ટેબલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરતાં જ કારમાં સવાર ખાખીધારીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરજ પરના કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરી લાકડી વડે ફટકારી ભાગી છૂટ્યા હતા. હુમલો કરી ફરાર થયેલી કારનો એલ.સી.બી. સ્ટાફે તુરંત પીછો કર્યો હતો અને આગળ વેસ્મા નાઝ હોટલ પાસે વાહન ચેકિંગમાં રહેલી બીજી ટીમને એલર્ટ કરી નાકાબંધી કરાવી હતી. પોલીસે ઘેરાબંધી કરી કારને આંતરી લઈ તમામ પાંચેય આરોપીઓને ઝડપી લીધા હતા.

કારમાંથી રૂપિયા ૩૫,૬૧૮ ની વિદેશી દારૂની ૬૪ બોટલો, તેમજ રૂપિયા ૫ લાખની સફેદ રંગની સ્વિફ્ટ ડિઝાયર કાર (GJ-08-DM-5254), રૂપિયા ૨૫ હજારના પાંચ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૫,૬૦,૬૧૮નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને પોલીસ પર હુમલો, ફરજમાં રૂકાવટ, રાયોટિંગ તેમજ પ્રોહિબિશન એક્ટ, મોટર વ્હીકલ એક્ટ અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગણદેવી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. દારૂબંધી ધરાવતા ગુજરાતમાં ખુદ ખાખી વર્દી જ દારૂની તસ્કરીમાં સામેલ નીકળતાં સમગ્ર પોલીસ બેડા સહિત રાજ્યભરમાં હાહાકાર મચી ગયો છે. વધુ તપાસ ગણદેવી પીઆઈ એન આઈ રાઠોડ કરી રહ્યાં છે.

### ખાડીપૂર : મીઠીખાડી...

ગયેલા લાખો ક્યુબિક મીટર માટી અને સિલ્ટને ડ્રેજિંગ મશીનરી વડે બહાર કાઢી દૂર ખસેડવાનો પ્લાન છે. મહાનગરપાલિકા પોતાની હદમાં અને સિંચાઈ વિભાગ પાલિકા હદ બહારના ભાગોમાં ડ્રેજિંગ કરવાની કામગીરી શરૂ કરાઈ છે.

### પતિ ગરબા...

પોતાની હ્યુન્ડાઈ વર્ના કાર (નં. GJ 03 JL 9360) લઈને કાપોદ્રા ધારૂકાવાલા કોલેજના ગ્રાઉન્ડમાં નવરાત્રિ ગરબા જોવા આવ્યા હતા. તેઓએ પોતાની કાર કોલેજના પાર્કિંગમાં મૂકી હતી અને અંદર ગરબા જોવા ગયા હતા. દરમિયાન રાત્રિના આશરે દોઢ વાગ્યાના સુમારે દર્શીતના મિત્ર હેવીનના મોબાઈલ પર દર્શીતની પત્ની રૂતવી ચોથાણી (ઉં.વ.૨૩, રહે., શિવનગર, કારગિલ ચોક, કાપોદ્રા)નો ફોન આવ્યો હતો. રૂતવીએ ફોન પર જણાવ્યું હતું કે, 'આજે તો મેં તારી ગાડીના કાચ તોડી નાંખ્યા છે અને હવે કાલે જો તું અહીં નવરાત્રિમાં આવીશ તો હું તને પણ તોડી નાંખીશ.'

આ સંભાળીને દર્શીત અને તેનો મિત્ર તુરંત પાર્કિંગમાં કાર પાસે પહોંચ્યા હતા, જ્યાં જોતાં ગાડીના સાઈડ મિરર ગ્લાસ તોડેલી હાલતમાં મળ્યા હતા અને ચારેય બાજુ લીટા પાડી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ મામલે દર્શીત ચોથાણીએ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પત્ની રૂતવી ચોથાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### આકાશમાં ખરતા...

અંધારી જગ્યા પસંદ કરવી જરૂરી છે. આંખોને અંધારામાં અનુકૂળ થવા માટે સમય આપવો અને ટેલિસ્કોપ કે દૂરબીન વિના ખુલ્લા આકાશ તરફ નજર રાખવી વધુ અનુકૂળ રહે છે. ઉલ્કાઓ કોઈ એક નિશ્ચિત બિંદુએ જ દેખાશે એવું નથી, તેથી ધીરજપૂર્વક આકાશનું નિરીક્ષણ કરવું જોઈએ. દિવ્યદર્શન પુરોહિતે ખગોળપ્રેમીઓને આકાશમાં થતી આવી કુદરતી ઘટનાઓનું નિરીક્ષણ કરવા અને પ્રકૃતિની અદભૂત રચના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અપીલ કરી છે.

### કરજણ નદી...

તપાસમાં બ્રિજ વાહનવ્યવહાર માટે યોગ્ય અને સલામત ન હોવાનું જણાતાં તેના પરથી વાહનવ્યવહાર બંધ કરવો પડ્યો હતો. જાહેર નાણાંથી બનેલા અને સ્થાનિક લોકો માટે મહત્ત્વ ધરાવતા બાંધકામમાં આવી ગંભીર ખામીઓ સામે આવતાં કોન્ટ્રાક્ટર સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોન્ટ્રાક્ટર અને તેના પ્રતિનિધિઓ સામે લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ હેઠળ ફોજદારી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

આ ઉપરાંત, બાંધકામની નબળી ગુણવત્તા અને સંબંધિત બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ કાર્યવાહી હાથ ધરવા પણ આદેશ અપાયો છે.

### દુઃખદ અવસાન/બેસણું



અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે અમારા પ્રિય સ્વજન ડૉ.શૈલેશકુમાર ભાનુપ્રસાદ રાઠોડ રવિવાર, તા. ૧૧.૧૦.૨૦૨૬ ના રોજ દેવલોક પામ્યા છે. પરમાત્માને જે ગમ્યું તે ખરું. સદ્ગત ના આત્માની શાંતિ અર્થે બેસણું / પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૧.૧૦.૨૦૨૬ ના દિવસે બપોરે ૩.૩૦ થી ૫.૩૦ દરમ્યાન. ૪૪, બાલાજી લક્ઝરીયા, મુળદ પાટીયા, કીમ, જી. સુરત મુકામે રાખ્યું છે.

સ્વ. ડૉ. શૈલેશકુમાર ભાનુપ્રસાદ રાઠોડ
તા. ૧૧-૧૦-૨૦૨૬

- શોકાતુર -
ગં.સ્વ. દક્ષાબેન ભાનુપ્રસાદ રાઠોડ (માતા)
ગં.સ્વ. અમિતાબેન શૈલેશકુમાર રાઠોડ (પત્ની)
દિનેશભાઈ ભાનુપ્રસાદ રાઠોડ (ભાઈ)
સતિષભાઈ ભાનુપ્રસાદ રાઠોડ (ભાઈ)
અનીલભાઈ મોહનભાઈ પટેલ (સસરા) માજી ધારાસભ્ય


RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત
સુપરહીટ એક્શન થ્રીલર




જેલર - 2
રજનીકાન્ત (હીટ અભિનય)
૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રેઃ ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
એક્શન, સંવાદોની રમઝટ




જેલર ભાગ-2
રજનીકાંત
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રેઃ ૯.૩૦
સસ્પેન્સ, મર્ડર, હીટ ફિલ્મ




દ્રશ્યમ -3
અજય દેવગન, તબ્બુ, જયદીપ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રેઃ ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
☎: 99984 46007
@applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

હોરર - કોમેડી ડ્રામા



નઈ નવેલી
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૨૦, ૨.૦૦, ૨.૪૫, ૪.૩૦, ૭.૦૦, રાત્રે : ૮.૦૦, ૯.૧૦, ૧૦.૦૦

કોર્ટ ડ્રામા




પ્રહાર
૯.૨૫, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૩૦, ૭.૦૫, રાત્રે : ૯.૩૦, ૧૦.૩૦

એક્શન થ્રીલર



જેલર 2
૯.૦૦, ૧૨.૦૦, ૧.૪૫, ૩.૦૦, ૪.૪૦, ૬.૦૦, ૭.૩૫, રાત્રે ૯.૦૦, ૧૦.૧૦

દ્રશ્યમ- 3
૯.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૨.૫૦, ૪.૨૦, ૫.૨૦, ૭.૨૦, રાત્રે ૯.૪૦, ૧૦.૩૦

સ્ટ્રીટ ફાઈટર
૯.૩૦, ૨.૧૦, ૫.૧૦, ૭.૧૦

હનુમાન અંશ
૯.૩૦, ૧૨.૧૦, ૨.૪૦

મિત્રતા (ગુજરાતી)
૧૨.૩૦, ૫.૦૦, રાત્રે : ૮.૦૦